## આપનું સપ્તાહ કેવું જશે?

તા.૨૦/૦૧/૨૦૨૫ થી તા.૨૬/૦૧/૨૦૨૫ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in



**મેષ (અ.લ.ઇ.)** ચાલુ વીકની શરૂઆત તણાવયુકત કૌટુંબિક જીવનથી થાય. આંખ વગેરેની કાળજી રાખવી. બીજાના કામમાં દખલ કરવી નહીં. ધીમે ધીમે તમારી જવાબદારી સારી રીતે નિભાવવા તરફ આગળ વધશો. અટવાયેલાં કામ અને સોદા પાર પડશે. વિદેશ જવાનું આયોજન થાય. જીવનસાથી અને પરિવારની મદદથી સામાજિક સંબંધો મજબૂત બને. જાહેર જીવન અને રાજકારણ સાથે જોડાયેલાને પ્રતિષ્ઠાનું ધ્યાન ખાસ રાખવું.



**વૃષભ (બ.વ.ઉ.)** ચાલુ વીકમાં સંતાનના પ્રશ્નો સતાવે. વિદ્યાભ્યાસમાં સામાન્ય રહે. પરીક્ષામાં ધીરજ રાખવી. નવા રોકાણમાં માર્ગદર્શન લેવું. નોકરીમાં સાવધાની રાખવી. નવી જવાબદારી વધે.ઉધાર લેવાનું ટાળવું. સરકારી નોકરીની યોજનામાં પ્રગતિ થાય. અવિવાહિતને યોગ્ય પાત્ર મળે. સમાજજીવનનાં સંપર્કો વધશે. કોર્ટ, કચેરીનાં કામ થાય. સામાજિક પ્રસંગમાં વ્યસ્ત રહેવું પડે. આવક વધી શકે છે.



**મિથુન (ક.છ.ઘ.)** ચાલુ વીકમાં ઘરમાં સુખ-સગવડનાં સાધનો વસાવી શકાય. નવું કામ કરવાની અનુકૂળતા મળે. સંતાનો વગેરેનો સાથ મળવાથી બહારનાં કામ પાર પડે. શિક્ષણ સાથે જોડાયેલાને ભાગ્યનો સાથ મળે. કૌટુંબિક જવાબદારી અને અપેક્ષાઓનો બોજ વધશે. શેર બજારમાં તક મળે. પ્રેમમાં સાથ મળે. આવકનાં સાધનો વધે. મિત્રોની મદદ નોકરી-ધંધા તથા સંતાનોનાં કામમાં મળે. ખર્ચા વધશે.




**કર્ક (ડ.હ.)** ચાલુ વીકમાં માનસિક તથા શારીરિક ક્ષમતા વધવાના કારણે કામ-કરવાની અનુકૂળતા રહે. નવા કામમાં તક મળે. પરીક્ષામાં સફળતા મળે. સંતાનોનાં કામમાં પ્રગતિ થાય. હરિફાઇયુકત પરીક્ષામાં તક મળે. પ્રવાસમાં વિઘ્નો આવે. કૌટુંબિક કામ તથા સંતાનોના કેરીયરના કામમાં સફળતા મળે. વારસા બાબતે પ્રગતિ થાય. માર્કેટીંગ, શિક્ષણ,શેર બજાર, મોજશોખના ધંધામાં લાભ થાય.




**સિંહ (મ.ટ.)** ચાલુ વીકમાં પારિવારિક સંબંધોમાં કડવાશ રહે, વાણી પર કાબૂ રાખવો. કૌટુંબિક વ્યવસાયમાં આવક વધે તેમજ વારસાનાં કામ થાય. વહીવટી તંત્ર સાથે જોડાયેલાને યશ મળે. કુશળતાપૂર્વક કામ પાર પડશે. નોકરી-ધંધામાં નવી તક મળે. આવક વધશે. નોકરી માટે પ્રવાસમાં સાવધાની રાખવી. નવા ઘર, વાહન, મકાનનાં કામ પાર પડશે. સંતાનોનાં કામમાં વડીલોની મદદ મળે. ખર્ચા વધશે.



**કન્યા (પ.ઠ.ણ.)** ચાલુ વીકમાં કારકિર્દીમાં મોટી તકો મળશે. જો કે પરિવાર સમાજની સમસ્યા પણ વધશે. ઉપરી વર્ગ સાથે તાલમેળ રાખવો. રાજકારણમાં સંપર્ક સાચવવામાં વિઘ્નો આવે. ઉઘરાણી આવવાથી રાહત થાય. કૌટુંબિક તાલમેળ વધશે. દાંપત્યજીવનમાં તાલમેળ વધે. વ્યવહારકુશળતાથી હાથ પરનાં કામ પાર પડશે. ભાઈ-બહેનોને મદદરૂપ બનશો. તમારા નવા વિચાર પ્રવાસથી પ્રભાવ વધારશે.



**તુલા (ર.ત.)** વીકની શરૂઆતમાં ખાવા-પીવા બાબતે સાવધાની રાખવી. આસપાસનું વાતાવરણ પ્રતિકૂળ રહે. પોલીસ લફરાંથી બચવું. વાહન ધીમે નિયમ પ્રમાણે હાંકવું. કોઇ કાવતરાના ભોગ બની શકાય. કોઇ પણ કામ દબાણમાં કરવું નહીં. નોકરી-ધંધાર્થે પ્રવાસ થાય.અચાનક નવી નોકરીની ઓફર આવે. સામાજિક સંબંધો મજબૂત થાય. જાહેર જીવનમાં પ્રગતિ થાય. પરિવારનાં વડીલોનું માર્ગદર્શન અટકેલાં કામમાં મદદ મળે.



**વૃશ્ચિક (ન.ય.)** ચાલુ વીકમાં પ્રેમવિવાહની ઓફર આવી શકે છે. તમારી યોગ્યતા પ્રમાણે નોકરીમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને તક મળે. શેર, સટ્ટા, લોટરી, વાયદામાં ધીરજ રાખવી. વિદેશનાં કામ પાર પડશે. અંગત જીવનમાં રોમેન્ટીક ઘટના ઘટશે. બુદ્ધિપ્રધાન કામમાં સફળતા મળે. નવા પ્રોજેકટના હિસ્સો બનવાનું થાય.આવકનાં સાધનો વધશે. દાંપત્યજીવનમાં હકારાત્મક પ્રગતિ થાય.



**ધન (ભ.ધ.ફ.ઢ.)** ચાલુ વીકમાં વેપાર - ધંધામાં નુકસાનીથી બચવા ઉતાવળિયા નિર્ણયથી બચવું. નોકરીમાં તાલમેળ રાખવો. સંપત્તિ વગેરેના સોદામાં ધીરજ રાખવી. પ્રેમ પ્રકરણો રોમેન્ટી રહેશે. નવી આવક વધારવાની તક મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. ધાર્મિક યાત્રા થાય. વિદેશના કામમાં મદદ મળે.ઉચ્ચ શિક્ષણ અર્થે વિદેશમાં તક મળે. ઉધાર લેવા-દેવાનું ટાળવું. ખર્ચા વધે.



**મકર (ખ.જ.)** સપ્તાહની શરૂઆત શુભ સમાચારથી થાય. પ્રવાસમાં વિઘ્નો આવે તેમજ વિરોધીઓ અપમાનિત કરવાની કોશિશ કરશે. શિક્ષણ, સાહિત્ય, લેખન, વિદેશ પ્રવાસ, મિડિયા, કાયદાને લગતા કામમાં સફળતા મળે. નોકરીમાં પ્રમોશન કે પગારવધારો થાય. સ્વતંત્ર ધંધામાં આવક વધશે. ઉપરી વર્ગ, વડીલોનો સાથ મળે. સંતાનોના ભવિષ્યની યોજના પાર પડશે.



**કુંભ (ગ.સ.શ.ષ.)** વીકની શરૂઆત દોડધામ અને બિનજરૂરી ખર્ચ તથા પ્રવાસથી થાય. આંખ વગેરે આરોગ્યના પ્રશ્નો સતાવે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિલંબ થાય. અચાનક નવી તક મળે. જીવનસાથી સાથે ધાર્મિક પ્રવાસ થાય. તમારી શારીરિક અને માનસિક સ્થિતિની કસોટીમાં પાર ઉતરશો. નોકરીમાં નવી જવાબદારી મળે. નવા પ્રોજેકટમાં તક મળે. સરકારી નોકરિયાતને ભાગ્યનો સાથ રહે.



**મીન (દ.ચ.ઝ.થ.)** વીકમાં પરિવારમાં ખુશીયુકત પ્રસંગથી વ્યસ્ત રહેવાનું બને. ભૌતિક સુખ સગવડ વધારવાની યોજના પાર પડશે. રોજના કામમાં આવકની સાથે અનુકૂળતા રહે. પરિવારમાં વડીલો સાથે ઘર્ષણ ટાળવું. અચાનક અટકેલાં કામ પાર પડશે. સરકારી યોજનાનો લાભ મળે. મિત્રો સાથે વિદેશ પ્રવાસ તથા કેરિયર બાબતે યોજના બને. ઉચ્ચ શિક્ષણ માટે તક મળે. પ્રવાસ થાય.

## કુંડલીમાં અશુભ યોગ અને તેના ઉપાય

કોઇ પણ કુંડલીમાં બે કે બેથી વધારે ગ્રહોની યુતિ, દૃષ્ટિ, પરિવર્તન વગેરેથી બનતાં શુભ કે અશુભ યોગોનું કુંડલીમાં ઘણું જ મહત્ત્વ છે. કેટલાક યોગ અશુભ ફળ આપતા હોય છે. જેવા કે ચાંડાલ યોગ, કુંડલીના કોઇ પણ ભાવમાં ગુરુની સાથે રાહુ કે કેતુ કે દૃષ્ટિમાં હોય તેને ચાંડાલ યોગ માનવામાં આવે છે. તેની ખરાબ અસર વિદ્યાભ્યાસ, ધનસંચય, ચારિત્ર્ય પર ખાસ પડે છે અને આવાં જાતકો વડીલોનું અપમાન કરતાં અચકાતાં નથી. સ્ત્રી જાતકની કુંડલીમાં આ યોગ વધુ અશુભ માનવામાં આવે છે. પેટ-પાચન તંત્ર તથા પ્રજનન અવયવ પર તેની નકારાત્મક અસર થાય છે. ફેફસાંના રોગોનો કારક બને છે. તેના નિવારણમાં ઉત્તમ ઉપાય છે. શુદ્ધ ચારિત્ર્યનું પાલન કરવું તથા માથા પર કેસર, હળદર કે ચંદનનું તિલક કરવું. પીળી વસ્તુનું દાન કરવું. બેસનનું દાન ગુરુવારે કરવું. અલ્પાયુ યોગ : જયારે ચંદ્ર પાપગ્રહોથી યુક્ત થઇને ત્રીજા સ્થાનમાં હોય અથવા લગ્નેશ પર પાપગ્રહોની દૃષ્ટિ હોય અને લગ્નેશ નિર્બળ હોય ત્યારે આ યોગનો અશુભ પ્રભાવ વધી જાય છે. આવા જાતકના જીવનમાં હંમેશા અપ્રિય અને ત્રાસદાયક ઘટનાઓ વારંવાર બને છે અને એક જાતનો ભય મન પર કાયમ રહે છે. માનસિક ડિપ્રેશનમાં આવીને ગમે તેવાં પગલાં ભરવા પ્રેરિત થાય છે. આવાં જાતકોએ હંમેશા હનુમાન ચાલીસા, મહામૃત્યુંજય મંત્ર કરતાં રહેવું જોઈએ અને ખાવા પીવા તથા વ્યવહાર બાબતે સાવધાની રાખવી જોઈએ તેમજ ખરાબ સોબત અને ખરાબ કામથી દૂર રહેવું જોઈએ. ગ્રહણ યોગ: બે પ્રકારના ગ્રહણયોગમાં સૂર્ય-ચંદ્ર સાથે રાહુ કેતુથી થાય છે. જાતક હંમેશા કારણ વગર ભયભીત રહે છે. સૂર્ય ગ્રહણથી પિતાના સુખમાં કમી આવે છે તેમજ હાડકાં કમજોર રહે છે અને જીવન મોટા ભાગે અસ્થિર અને અપમાનિત રહે છે. સામાન્ય માણસો પણ આવાં જાતકોનું અપમાન કરે છે. જીવનસાથી પણ અમપાન કરીને ત્રાસ આપે છે. આદિત્ય હૃદયસ્તોત્રનો પાઠ નિયમિત કરવો જોઈએ. સૂર્યને જળાભિષેક કરવો જોઈએ. એકાદશી અને રવિવારના વ્રત કરવા તેમજ દાઢી અને ચોટી ન રાખવા. ચંદ્રગ્રહણ માટે છ સાબુત-નારિયેલ પોતાના પર ફેરવીને નદી કે સમુદ્રમાં પ્રવાહિત કરવા ખાસ પૂનમના દિવસે અને શિવઉપાસના કરવી.

**વૈધવ્ય યોગ :** આ યોગ અનેક રીતે બને છે. સાતમે અશુભ મંગળ હોય અને શનિની દૃષ્ટિ પડતી હોય. સપ્તમેશનો સંબંધ શનિ મંગળ સાથે અશુભ ભાવમાં હોય, સાતમાનો માલિક નિર્બળ અને અશુભ હોય ત્યારે આ યોગનું નિર્માણ થાય છે. ખાસ કરીને સ્ત્રી જાતકમાં આનો પ્રભાવ જોવા મળે છે. લગ્ન પહેલાં પાંચ વર્ષ સુધી મંગળા ગૌરીનું પૂજન કરવું અને પછી કુંડલી મેળવીને વિવાહ કરવા જોઈએ અને ભૂલમાં લગ્ન થયા પછી ખબર પડે તો વર વધૂ બંનેએ શનિ-મંગળના ઉપાય કરવા જોઇએ અને કુંભ વિવાહ કરવા જોઈએ. દારિદ્રય યોગ: જયારે કોઇ પણ કુંડલીનો અગિયારમા ભાવનો સ્વામી છઠ, આઠ અને બારમા ભાવમાં સ્થિત હોય તો આ અશુભ યોગનો પ્રભાવ જોવા મળે છે. આવાં જાતકોની આર્થિક સ્થિતિ હંમેશા ડામાડોળ રહે છે. મહેનતનું ફળ મળતું નથી. દેવામાં ડૂબી જવાની શકયતા વધુ રહે છે. ધંધામાં નુકસાન અને નોકરીમાં અસ્થિરતા રહે છે. વારંવાર આર્થિક ભીંસનો ત્રાસ રહે છે. આ યોગનો ઉપાય કુંડલીની સ્થિતિ પ્રમાણે કરવો જોઈએ. ઘણી વખત ઉપાયનું ફળ પણ મળતું નથી માટે બરાબર અભ્યાસ પછી ઉપાય કરવો જોઈએ. ષડયંત્ર યોગ: જયારે લગ્નેશ આઠમા ભાવમાં અશુભ ગ્રહ સાથે સ્થિત હોય અને કોઇ પણ શુભ ગ્રહનો આધાર મળતો ન હોય ત્યારે આ યોગનું નિર્માણ થાય છે. જે કોઇ સ્ત્રી પુરુષની કુંડલીમાં આ યોગ બનતો હોય છે તેના જીવનમાં પોતાના નજીકના કે ખાસ વિશ્વાસુ લોકોથી છેતરાવાનું થાય છે. કોઇ ષડયંત્રના ભોગ બનવું પડે છે. જેના કારણે ધન સંપતિ માન-સન્માન વગેરેનું ભારે નુકસાન સહન કરવું પડે છે. એક જ ઝાટકામાં બધું જ છીનવાય છે. તેના ઉપાયમાં દર સોમવારે ભગવાન શિવ અને શિવ પરિવારની ખાસ પૂજા કરવી જોઈએ તથા હનુમાનજીનું શરણ લેવું જોઈએ. ચાલીસા કરવા વગેરે રૂપે- કુંજ યોગ : કોઇ પણ કુંડલીમાં દેહ ભુવન, ચોથા, સાતમા, આઠમા અને બારમા ભાવમાં મંગળથી આ યોગ બને છે. લગ્નજીવન માટે આ યોગને સૌથી વધુ ઘાતક માનવામાં આવે છે. તેનો ઉપાય કુંડલી મેળવીને જ લગ્ન કરવાં જોઈએ. જો આવું ન કરવામાં આવે તો લગ્નજીવન સજા સમાન બની જાય છે. પિપળા અને વડના ઝાડનું પૂજન જળ અર્પિત કરીને કરવું અને હનુમાન ચાલીસા કરવા. મંગળના મંત્ર કરવા. કેમદ્રુમ યોગ: ચંદ્રમાની આગળ અને પાછળ કોઇ ગ્રહ ન હોય તથા કુંડલીમાં ચંદ્રમા બીજા કે બારમા ભાવમાં હોય અને ચંદ્રથી બીજે બારમે શુભ ગ્રહ ન હોય ત્યારે આ અશુભ યોગનું નિર્માણ થાય છે. સાથે શુભ દૃષ્ટિ પણ ન હોય તો વધુ અશુભ બને છે. જીવનભર ભયંકર મુસીબતમાં રહેવું પડે છે. દર શુક્રવારે મહાલક્ષ્મીજી અને શ્રી ગણેશજીની પૂજા લાલ ફૂલથી અને સાકરના પ્રસાદથી કરવી જોઈએ અને ચંદ્ર સંબંધિત વસ્તુઓનું દાન તથા શિવજીની અભિષેકાત્મક પૂજા કરવી જોઈએ.

## અનુસંધાન... પાના પહેલાનું

### આજે અમેરિકાના

સ્પેશ્યલ એર મિશન ૪૭ નામ આપવામાં આવ્યું હતું - જે ટ્રમ્પ સોમવારે અમેરિકાના ૪૭મા પ્રમુખ બની રહ્યા છે તે વાતને દેખીતી મંજૂરી હતી. અમેરિકામાં પરંપરાગત રીતે એક શુભચેષ્ટાના પગલા તરીકે વિદાય લઈ રહેલ પ્રશાસન તરફથી નવા પ્રમુખ માટે આ રીતે ખાસ વિમાનની વ્યવસ્થા કરી આપવામાં આવે છે, પરંતુ ૨૦૨૧માં જો બાઇડન માટે ટ્રમ્પે આવી વ્યવસ્થા કરી આપી ન હતી અને આ ડેમોક્રેટ પ્રમુખ ખાનગી રીતે ભાડે રાખવામાં આવેલ વિમાનમાં વૉશિંગ્ટન આવ્યા હતા.

### બાઇડને પોતાનો

મતદાનમાં મોટી જીત મળી હતી અને તેને કારણે તેમને માટે અમેરિકી પ્રમુખ બનવાનો માર્ગ મોકળો થયો હતો. અને આ રીતે જોતા આ રાજ્યનું બાઇડન માટે ખાસ મહત્વ છે. બાઇડન આના પછી સોમવારે પોતાના પત્ની અને અમેરિકાના પ્રથમ સન્નારી જીલ બાઇડન સાથે નોર્થ ચાર્લ્સટનમાં આવેલ રોયલ મિશનરી બાપ્ટીસ્ટ ચર્ચમાં પ્રાર્થના માટે જવાનો અને પછી રેવરન્ડ માર્ટિન લ્યુથર કિંગ જુનિયરના વારસા વિશે પ્રવચન કરવાનો કાર્યક્રમ ધરાવે છે એ મુજબ વ્હાઇટ હાઉસે જણાવ્યું હતું. નાગરિક અધિકારો માટેના આ હત્યા કરાયેલ નેતાના માનમાં સોમવારે અમેરિકામાં ફેડરલ રજા છે.

### ટ્રમ્પ પહેલા જ

તેઓ પહેલા જ દિવસે વિક્રમી સંખ્યામાં એક્ઝિક્યુટિવ પગલાઓ લેવાનો આંકડો પ્રસ્થાપિત કરવાનું આયોજન કરી રહ્યા છે. જ્યારે પૂછવામાં આવ્યું ત્યારે ટ્રમ્પે કહ્યું હતું કે આ વટહુકમો ૧૦૦ કરતા વધુ હશે.

### સૈફ પર હુમલો

હતો કે તે એક બોલીવુડ સ્ટારના ઘરમાં પ્રવેશ્યો છે અને તેનો ઇરાદો ચોરી કરવાનો હતો એમ એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ પત્રકારોને જણાવ્યું હતું. આ શખ્સની ધરપકડ પછી પોલીસે તેને આજે એક અદાલતમાં રજૂ કર્યો હતો. આ શખ્સનું નામ શરીફૂલ ઇસ્લામ શેહઝાદ છે અને તેની વય ૩૦ વર્ષની છે. આમાં આંતરરાષ્ટ્રીય કાવતરું હોવાનું નકારી શકાય નહીં એવી પોલીસની રજૂઆત પછી કોર્ટ પોલીસને આ શખ્સની પાંચ દિવસની કસ્ટડી આપી હતી. આ સફળતા આજે વહેલી સવારે મળી હતી જ્યારે પોલીસે એક લેબર કોન્ટ્રાકટર તરફથી મળેલી માહિતીના આધારે શેહઝાદને એક મજૂર છાવણીમાંથી તેનું પગેરું દબાવી તેને પકડી પાડ્યો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે બાદમાં શેહઝાદ તરીકે ઓળખાયેલ આ આરોપી દાદર રેલવે સ્ટેશનની બહાર ત્રણ વખત દેખાયો હતો અને ત્યાંથી તે વર્લી કોલીવાડા ગયો હતો. પોલીસે સેંકડો સીસીટીવ ફૂટેજ ચકાસ્યા હતા અને એક તે વિસ્તારના એક લેબર કોન્ટ્રાકટરની પણ મુલાકાત લીધી હતી જેણે તેની વિગતો આપી હતી. પોલીસે છેવટે તેન ઘોડબંદર રોડ પરના હિરાનંદાની એસ્ટેટમ ખાતેથી ઝડપી પાડ્યો હતો.

### સૈફ પર હુમલાનો આરોપી

હતું. પોલીસે જણાવ્યું હતું કે બાંદ્રા બસ સ્ટોપ પર રાત્રે સૂતા બાદ આ શખ્સ ટ્રેન પકડીને મધ્ય મુંબઇના વર્લી પહોંચ્યો હતો. પ્રાથમિક તપાસમાં જણાયું છે કે તે ૧૬મી જાન્યુઆરીએ સૈફના એપાર્ટમેન્ટમાં દાદર ચડીને સાતમા-આઠમા માળ સુધી ગયો હતો પછી તે પાઇપ વડે બારમા માળે ગયો હતો અને બાથરૂમની બારીમાંથી અભિનેતાના ઘરમાં પ્રવેશ્યો હતો અને બાથરૂમમાંથી ઘરમાં પ્રવેશ્યો હતો અને પછી જે ઘટનાઓ સર્જાઇ તે સૈફ પર હુમલા સુધી દોરી ગઇ હતી એમ પોલીસે જણાવ્યુ હતું.

### અમેરિકામાં

ધારણ કરે તે પછી ટિકટોકને ફરી શરૂ કરવા માટેનો ઉકેલ લાવવા અમારી સાથે મળીને કાર્ય કરશે એમ ટિકટોક તરફથી જણાવાયું હતું. જ્યારે બાઇડન પ્રશાસને ટિકટોકની શટડાઉનની ધમકીને એક સ્ટન્ટ તરીકે ફગાવી દીધી હતી અને આ બાબતનો અમલ કરવાનું ટ્રમ્પ વહીવટતંત્ર પર છોડ્યું હતું ત્યારે ટિકટોકે જણાવ્યું હતું કે સ્પષ્ટ ખાતરી વિના તેની પાસે અમેરિકામાં તેની સેવાઓ અટકાવી દેવા સિવાય બીજો કોઇ વિકલ્પ નથી.

કર્મચારીઓને કરેલા એક ઇન્ટરનલ ઇમેઇલમાં કંપનીએ જણાવ્યું હતું કે પ્રમુખ ટ્રમ્પે તેઓ ૨૦ જાન્યુઆરીએ હોદ્દો ધારણ કરે તે પછી તેમણે ટિકટોકને રી શરૂ કરવા માટેનો ઉકેલ લાવવા માટે કામ કરવાનો ઇરાદો વ્યક્ત કર્યો છે. ટિકટોકે ખાતરી આપી છે કે તે શક્ય જેમ બને તેમ સેવાઓ વહેલી શરૂ કરવા ટીમો કામ કરી રહી છે.

---

इंडियन बैंक Indian Bank ALLAHABAD

ફતેહગંજ શાખા, હર્ષદરાય મહેતા માર્ગ, જયેશ કોલોની, ફતેહગંજ, વડોદરા, ગુજરાત ૩૯૦૦૦૮

**ડિમાન્ડ નોટીસ**

ધી સીકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શીયલ એસેટસ્ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ના કાયદાની કલમ ૧૩(૨) હેઠળની નોટીસ (૧) શ્રીમતિ નેહા મોહમ્મદ હનીફસૈયદ (કરજદાર અને મોર્ગેજર),(૨) શ્રી હનીફસૈયદ (જામીનદાર) બન્ને સાથેઃ સરનામુ–૧ઃ ૧૫૦/૧૩, કોર્પોરેશન હાઉસીંગ, (વુડા) તંડાલજા, અટલાદરા રોડ, વડોદરા, સન ફાર્મા નજીક, વડોદરા, ગુજરાત.

વિષય : શ્રીમતિ નેહા મોહમ્મદ હનીફસૈયદ ના લોન ખાતા/ઓ ઈન્ડીયન બેંક, ફતેહગંજ શાખા સાથે.

આપે બેંક પાસે ધીરાણ લીધેલ લોનની રકમ રૂા.૧૫,૭૬,૯૨૩.૦૦ (રૂપિયા પંદર લાખ છોત્તેર હજાર નવસો ત્રેવીસ પુરા) જે તા.૧૦/૦૧/૨૦૨૫ સુધીની બાકી ઉપરાંત સંપૂર્ણ ચુકવણી ન થાય ત્યાં સુધીના ભવિષ્યના વ્યાજ સહિતની રકમ ફેરચુકવણી કરવામાં નિષ્ફળ ગયા છો.

આથી બેંકે તા.૧૦/૦૧/૨૦૨૫ના રોજ કાયદાની કલમ હેઠળ રૂા.૧૫,૭૬,૯૨૩.૦૦ (રૂપિયા પંદર લાખ છોત્તેર હજાર નવસો ત્રેવીસ પુરા) જે તા.૦૯/૦૧/૨૦૨૫ ના રોજ ની બાકી નીકળતી રકમની તમારા દ્વારા ભરપાઈ કરવા માટે નોટીસ જાહેર કરેલ છે. જે નોટીસ આપને પોસ્ટ દ્વારા મોકલેલ પણ તે આપને મળ્યા વિના પરત આવેલ છે.

આ નોટીસ દ્વારા આપને જાણ કરવામાં આવે છે રૂા.૧૫,૭૬,૯૨૩.૦૦ (રૂપિયા પંદર લાખ છોત્તેર હજાર નવસો ત્રેવીસ પુરા) જેની સાથે તા.૧૦/૦૧/૨૦૨૫ થી લાગુ વ્યાજ જે સંપૂર્ણ ચુકવણી થાય ત્યાં સુધીની બાકી રકમ આ નોટીસ પ્રસિદ્ધિના ૬૦ દિવસમાં ભરપાઈ કરી દેવા, જો તેમ કરવામાં કસુર થશે તો બેંક એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટના કાયદા હેઠળ કાર્યવાહી કરશે. બેંક હેઠળ ઉપર જણાવેલા કાયદા અને/અથવા હાલના કાયદા મુજબ આ નોટીસ કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ વગર સુરક્ષિત લેણદાર માટે બહાર પાડવામાં આવી છે.

આ સાથે આપનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે કે સરફેસી એકટના કાયદા ૧૩(૮) અને નિયમ હેઠળ આપ સુરક્ષિત મિલકતોને પાછી લેવા માટેના અધિકારો ધરાવો છો.

આ નોટીસ કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ વગર અને જે હાલના DRT/RO ઓફ DRT/DRAT/કોર્ટ ની કાર્યવાહી પહેલાના અને હુકમ કરેલ કાર્યો હેઠળ કરવાની કાર્યવાહી / હુકમનામું મેળવ્યાના / મેળવ્યાની કાર્યવાહીના હકકો સહિત સુરક્ષિત લેણદાર માટે બહાર પાડવામાં આવી છે.

સુરક્ષિત મિલકતને લગતી મુખ્ય વિગતો ની તમામ જાણકારી નીચે આપેલ છે.

**:મોર્ગેજ એસેટસ્‌નું વર્ણનઃ**

રહેણાંક મિલ્કત સ્થિત પ્લોટ નં. સી–૧૮, ‘‘મીમ સીટી’’, રેવન્યુ સર્વે નં. ૭૦/૧, પૈકી જૂનો બ્લોક નં. ૪૭, ડભોઈ તાલુકા , જિલ્લોઃ વડોદરા. જેની ચર્તુદિશાઃ ઉત્તરેઃ પ્લોટ નં. સી–૮, દક્ષિણેઃ ૭.૫૦ મીટર પહોળો રસ્તો, પૂર્વેઃ પ્લોટ નં. સી–૧૭, પશ્ચિમેઃ પ્લોટ નં. સી–૧૯.

તારીખ : ૧૦/૦૧/૨૦૨૫ અધિકૃત અધિકારી,
સ્થળ : સુરત. (મુખ્ય પ્રબંધક, ઈંડિયન બેંક)

---

**બોમ્બે ટેનન્સી એન્ડ એગ્રીકલ્ચર લેન્ડ એક્ટ 1948, સેક્શન 32G, પેટા સેક્શન (1) દ્વારા અપર તહેસીલદાર અને એગ્રીકલ્ચર લેન્ડ જ્યુડિશિયલ ઓથોરિટી, અલીબાગની કોર્ટમાં નોટિસ જારી કરવામાં આવશે**

પુનઃ તપાસ દાવો નંબર 1/2024

1. શ્રી મધુકર શિવરામ નાઈક
2. શ્રી સુધાકર શિવરામ નાઈક

રહે. પોસ્ટ ખારગલ્લી ખાતે, તા. અલીબાગ, જિ. રાયગઢ — **દાવેદાર/અરજદાર**

વિરુદ્ધ

1. શ્રીમતી અંજલી ઉર્ફે રમા માધવ ખાંડેકર, રહે. રમાનંદ હાઉ. સોસા., વિલેપાર્લે ઈસ્ટ, મુંબઈ - 400057.
2. શ્રી રાજીવ યશવંત આંબેડકર, રહે. બોરીવલી, મુંબઈ.
3. શ્રી હેમંત દિનકર કોઠારી - રહે. ડી-37, રૂદ્ર હાઉ. સોસા. અંબાલાલ પાર્ક પાસે, કરોલ બાગ, વડોદરા.
4. શ્રી દેવેન્દ્ર દિનકર કોઠારી, રહે. 56, દિવ્યલોક બંગલો, રાની સ્કુલ પાસે, સુભાનપુરા, વડોદરા.
5. શ્રી પ્રશાંત અરવિંદ મુંડલે, રહે. ડી-17, અરુણોચલ સોસાયટી, સુભાનપુરા, વડોદરા.
6. શ્રીમતી અનગા હિતેશ પંચાલ.
7. શ્રીમતી મુગ્ધા પ્રદીપ પિમ્પુટકર નંબર 6 અને 7 રહે. ઉમ્બરગાંવ, સોલસુભા, 13, વલસાડ, ગુજરાત.
8. શ્રી કેદાર પ્રદીપ પિમ્પુટકર, રહે. ઉમ્બરગાંવ, સોલસુભા, વલસાડ, ગુજરાત. રહે. નં. 8 જાતે અને રહે. 1 થી 7 એટર્ની તરીકે.
9. શ્રીમતી માધુરી પ્રલહાદ પિમ્પુટકર.
10. શ્રી મકરંદ પ્રલહાદ પિમ્પુટકર, ક્રમ નં. 9, 10 રહે. પી. 4, 203, એમ્પાયર એસ્ટેટ, જૂનો મુંબઈ-પુણે હાઈવે, ચિંચવાડ, પુણે.
11. શ્રીમતી હેમલતા ઉર્ફે ભારતી રંગનાથ કૃષ્ણગિરી, પાવર ઓફ એટર્ની મારફતે, શ્રી નિશિકાંત રંગનાથ કૃષ્ણગિરી ભાસ્કર અલી, વસઈ, પાલઘર.
12. શ્રીમતી ઈન્દુમતી વામન નિમકર, રહે. A-1, રઘુવંશ, ફ્રેન્ડ્સ કોલોની, ભાંડુપ ઈસ્ટ, મુંબઈ- 42.
13. શ્રીમતી સીમા હનુમાન જવાલે, રહે. A-1/303, શિવછાયા કો. ઓપ. હાઉ. સોસા., ધોળકિયા નગર, અંધેરી વેસ્ટ, મુંબઈ.
14. શ્રીમતી વૃંદા બળવંત સલાયે, રહે. બળવંત સલાયે વાડા, મકાન નં. 248, વિઠ્ઠલ મંદિર પાસે, તા. કર્જત, જિ. રાયગઢ.
15. શ્રી અલ્હાદ મહેશ્વર પિમ્પુટકર, રહે. વી. 8/ અમિત એપાર્ટમેન્ટ, સારસ્વત કોલોની, ડોમ્બિવલી ઇ., કલ્યાણ, થાણે નંબર 12 થી 15 વાયા પાવર ઓફ એટર્ની ધારક શ્રી આનંદ મહેશ્વર પિમ્પુટકર રહે. વી. 1 આનંદ સાગર એન્કલેવ, ડોન બોસ્કો સ્કૂલ સામે, કલ્યાણ પૂર્વ. થાણે.
16. શ્રી અરવિંદ વસંત પિમ્પુટકર મારફતે એટર્ની શ્રી કેદાર પ્રદીપ પિમ્પુટકર, રહે. ઉમ્બરગાંવ, વલસાડ, ગુજરાત.
17. શ્રી આનંદ મહેશ્વર પિમ્પુટકર, રેસ. 301, બી-1, આનંદ સાગર એન્કલેવ, વાડેઘર, કલ્યાણ 421301.
18. શ્રી હેમંત મધુસુદન પિમ્પુટકર, 39/2, ગોદરેજ કોલોની, વિક્રોલી વેસ્ટ, મુંબઈ.

— **પ્રતિવાદી/ વિરોધી**

**બોમ્બે ટેનન્સી અને કૃષિ જમીન અધિનિયમ 1948 અને બોમ્બે ટેનન્સી અને કૃષિ જમીન અધિનિયમ 1956, કલમ 32G હેઠળ જમીનનું વર્ણન**

| ગામનું નામ | જી. નં. | એસ. નં. | વિસ્તાર એચ. આર. | ચાર્જ રૂ. પૈસા |
|---|---|---|---|---|
| મોજે નાગાઓ, તા. અલીબાગ | 1260 | 337 (અગાઉ 362) | 0 -93-60 | 33.62 |

દાવેદારો/પ્રતિવાદીઓને આથી જાણ કરવામાં આવે છે કે 26/07/2024ના રોજ અપીલ નં. 99/2022માં સબ ડિવિઝનલ ઓફિસર, અલીબાગ, સબ ડિવિઝન અલીબાગ દ્વારા જારી કરાયેલા આદેશ અનુસાર, કેસ ઉપરોક્ત મિલકત અંગે પુનઃ પૂછપરછ માટે આ કોર્ટમાં પાછો મોકલવામાં આવ્યો છે.તેથી, કેસ પુનઃ પૂછપરછ માટે પુનઃ સુનાવણી માટે લેવામાં આવ્યો છે.

હવે આ ન્યાયિક સત્તાધિકારી તમને આદેશ આપી રહ્યા છે કે, તમે 28/01/2025ના રોજ સવારે 11.00 વાગ્યે તહસીલ કચેરી, અલીબાગમાં કૃષિ જમીન ન્યાયિક સત્તાધિકારીમાં હાજર રહીને તમે ઉપરોક્ત કેસ અંગે તમારા મંતવ્યો અને પુરાવા રજૂ કરો. જો તમે આપેલ તારીખ અને સમયે ન્યાયિક સત્તાધિકારી સમક્ષ હાજર રહેવામાં નિષ્ફળ જાઓ છો તો એવું માનવામાં આવશે કે તમારી પાસે આ વિશે કંઈ કહેવાનું નથી અને તમારી ગેરહાજરીમાં જરૂરી પૂછપરછ પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. કૃપા કરીને નોંધ લો કે, જો તમે હાજર નહીં રહેશો તો ઉપલબ્ધ દસ્તાવેજો મુજબ નિર્ણય/હુકમ આપવામાં આવશે. સુનાવણી માટે હાજર રહેવું.

**એસડી/-**
**સ્થળઃ- અલીબાગ** **(વિક્રમ પાટિલ)**
**તારીખઃ- 07/01/2025** **ઉચ્ચ તહસીલદાર અને કૃષિ જમીન ન્યાયિક સત્તામંડળ - અલીબાગ - રાયગઢ**

---

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
**આકારણી શાખા**
**કરદાતાઓ માટે પ્રોત્સાહક વ્યાજ વળતર યોજના ૨૦૨૪-૨૫**

**વડોદરા મહાનગરપાલિકાની હદમાં આવેલી મિલકતોના બાકી વેરા વસુલાત માટે વ્યાજ વળતર યોજના અમલમાં મુકવા માટે ઠરાવ અંક-૪૭૬/તા.૧૦-૦૧-૨૦૨૫ થી સ્થાયી સમિતીની મંજૂરી મળેલી છે. જે અનુસાર નીચે મુજબની યોજના અમલમાં મુકવામાં આવેલી છે.**

**"ભાડા આકારણી પધ્ધતિ માટે પ્રોત્સાહક વ્યાજ વળતર યોજના"**

વડોદરા મહાનગરપાલિકાનો તા.૧-૪-૨૦૦૩ સુધીનો ભાડા આકારણીનો ભરવાપાત્ર મિલક્ત કર (સામાન્ય કર, પાણી ચાર્જ/કર, કન્ઝરવન્સી અને સુવરેઝ ટેક્ષ, શિક્ષણ ઉપકર, ફાયર ટેક્ષ) એક સહ ભરે તો નીચે મુજબ ઈન્સેન્ટીવ રિબેટ યોજનાનો લાભ આપવામાં આવશે.

૧. નોટીસ ફી, વોરંટ ફી, અને જાહેરાત ખર્ચની ૧૦૦%ની રકમ ઈન્સેન્ટીવ રિબેટ તરીકે આપવામાં આવશે.
૨. ભાડા આકારણી પધ્ધતિના બાકી મિલકત વેરા પેટેની વ્યાજની રકમમાં ૧૦૦% રકમ ઈન્સેન્ટીવ રિબેટ તરીકે આપવામાં આવશે.
૩. ભાડા આકારણી પધ્ધતિના વેરા બીલમાં ફક્ત વ્યાજની રકમ બાકી હોય તો સદર વ્યાજની રકમમાં પણ ૧૦૦% રકમ ઈન્સેન્ટીવ રિબેટ તરીકે આપવામાં આવશે.
૪. ભાડા આકારણી પધ્ધતિની ટેક્ષ અપીલ, તેમજ રીટર્ન થયેલા ચેકની ડિમાન્ડ ચઢાવેલી હશે તો તેઓને પણ વ્યાજની રકમમાં સદર ઈન્સેન્ટીવ રીબેટ યોજનાનો લાભ આપવામાં આવશે પરંતુ તેવા કિસ્સામાં રીટર્ન થયેલા ચેક અંગે નિયમથી વસુલ કરવાપાત્ર ચાર્જ ઈલાયદા વસુલ કરવાનો રહેશે.
૫. કોઈપણ કરદાતા ફક્ત ભાડા આકારણી પદ્ધતિની પાછલી બાકી રકમ ભરપાઇ કરે તો તેવા કરદાતાઓને પણ સદર યોજનાનો લાભ આપવામાં આવશે.

**"ક્ષેત્રફળ આધારિત આકારણી પદ્ધતિ માટે ઈન્સેન્ટીવ રીબેટ યોજના"**

સને ૨૦૦૩-૦૪ થી ૨૦૨૩-૨૪ સુધીની બાકી રકમ પર તા.૩૧-૦૩-૨૦૨૫ સુધી નીચે મુજબની ઈન્સેન્ટીવ સ્કીમ મુજબ લાભ આપવામાં આવશે.

૧. નોટીસ ફી, વોરંટ ફી, અને જાહેરાત ખર્ચની રકમમાં ૧૦૦% રકમ ઈન્સેન્ટીવ રિબેટ તરીકે આપવામાંઆવશે.
૨. તમામ રહેણાંક અને બીન રહેણાંક તમામ મિલ્કતોની પાછલી બાકી રકમ પર ચઢેલ વ્યાજની રકમમાં ૮૦% રકમ ઈન્સેન્ટીવ રિબેટ તરીકે આપવામાં આવશે.
૩. સને ૨૦૨૩-૨૪ સુધીના મિલકત વેરાના બીલમાં જો ફક્ત વ્યાજની રકમ બાકી હશે તો તેવા કરદાતાને પણ સદર યોજનાનો લાભ આપવાનો રહેશે.
૪. જે કરદાતા ક્ષેત્રફળ આધારિત આકારણીની સને ૨૦૦૩-૦૪ થી ૨૦૨૪-૨૫ સુધીના મિલકત વેરા પૂર્ણ પણે ભરપાઇ કરશે તો તેઓને સદર ઈન્સેન્ટીવ રીબેટ યોજનાનો લાભ મળશે.
૫. કોઈપણ કરદાતા ભાડા આકારણી પદ્ધતિની રકમ બાકી હોય અને ફક્ત ક્ષેત્રફળ આધારિત પદ્ધતિ મુજબના સને ૨૦૨૪-૨૫ સુધીના મિલકત વેરાની રકમ ભરપાઇ કરે તો તેને પણ સદર યોજનાનો લાભ આપવામાં આવશે.
૬. સદર યોજના દરમ્યાન તમામ વોર્ડ ઓફીસ માં કેશ કાઉન્ટરનો સમય સવારનાં ૯.૩૦ કલાકથી બપોરનાં ૪.૦૦ કલાક સુધીનો રહેશે. બપોરનાં ૧.૦૦ કલાકથી ૧.૩૦ કલાક સુધીનો સમય રીસેશ રહેશે.

ઉપરોક્ત સંપૂર્ણ યોજનાનો લાભ ફક્ત યોજનાના અમલ તા.૩૧-૦૩-૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન વેરો ભરનાર કરદાતાઓને જ મળવાપાત્ર રહેશે.સદર યોજના અંતર્ગત ચેકથી ભરવામાં આવેલી રકમનો ચેક કોઈપણ કારણોસર રીટર્ન થશે અને યોજનાની મુદ્દત પુરી થયેલી હશે તેવા કિસ્સામાં કરદાતાએ વ્યાજ સહિતની પુરેપુરી રકમ ભરવાની રહેશે.

સદર બાબતે વધુ માહિતીની જરૂર જણાય તો સબંધિત વોર્ડ કચેરીનો કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવા વિનંતી છે.

**પી.આર.ઓ.નં.૧૦૨૬/૨૦૨૪-૨૫** **મ્યુનિસિપલ કમિશનર**


---

# અમીત શાહ અને નડ્ડાની ગુજરાત મુલાકાત બાદ કોની પતંગ કપાશે? કોનો પતંગ ચડશે? ગાંધીનગરમાં કાતિલ ઠંડી વચ્ચે રાજનીતિનો માહોલ ગરમાયો!

ઉત્તરાયણ પર્વ દરમ્યાન કેન્દ્રિય ગૃહ મંત્રી અમીત શાહ ત્રણ દિવસ માટે ગુજરાતની મુલાકાતે આવીને પરત દિલ્હી ગયા છે. અમીત શાહ



રાજનીતિના ચાણક્ય કહેવાય છે. ગુજરાતની બાબતોમાં કોઈપણ નિર્ણય લેતા પહેલા એક વખત જરૂરથી અમીત શાહનો બોલ સંભળાય છે. અમીત શાહ ગયા પછી તુરંત જ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા પણ બે દિવસ માટે ગુજરાતની મુલાકાતે આવીને પરત ગયા, જો કે નડ્ડાએ CM ભૂપેન્દ્ર પટેલ સાથે મહત્વની મુલાકાત યોજી હતી. આ બેઠકમાં ભાજપના પ્રદેશના સીનિયર નેતા રજની પટેલ પણ ઉપસ્થિત રહયા હતા. જિલ્લા તથા મહાનગરોના ભાજપના પ્રમુખોની નિમણૂંક આંતરીક ખેંચતાણના કારણે અટકી પડી છે. હવે નવા પ્રદેશ અધ્યક્ષની નિમણૂંકનું કાઉન્ટડાઉન ચાલી રહયું છે, એવામાં ગાંધીનગરમાં કાતિલ ઠંડી વચ્ચે રાજનીતિ ગરમાયેલી છે. સચિવાલયમાં ચર્ચા ચાલી રહી છે કે કેબીનેટમાં ફેરફાર આવી રહયા છે. મંત્રીઓના ખાતાઓ બદલાશે, તે પણ નક્કી છે. જો કે હાલમાં વિધાનસભાનું બજેટ સત્ર નજીક આવી રહયું છે એટલે આ ફેરફાર નહીં થાય પરંતુ જે કાંઈ રાજકિય ધડાકો થવાનો છે, તે વિધાનસભાના બજેટ સત્ર પછી થઈને જ રહેશે.




### હર્ષ સંઘવી કહે છે વરઘોડા તો નીકળવાના, વિકાસ સહાય કહે છે અમે વરઘોડા કાઢતા નથી !

હવે ગુજરાત પોલીસમાં શરૂ થયેલી નવી ‘વરઘોડા’ પ્રથા પર વિવાદ શરૂ થયો છે.ગૃહ રાજય પ્રધાન હર્ષ સંઘવી કહે છે કે કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો,આરોપી જે ભાષામાં સમજતો હોય તેને તે જ ભાષામાં પોલીસે સમજ આપવી જોઈએ. ‘લોકોને હેરાન કરશો તો વરઘોડો તો નીકળશે જ. જયારે વરઘોડા શબ્દના મામલે હવે ગુજરાત પોલીસના વડા વિકાસ સહાય ભડકી ઉઠયા છે. સુરતમાં ક્રાઈમ કોન્ફરન્સ બાદ મીડિયા સાથેની વાતચીતમાં વિકાસ સહાયે સ્પષ્ટ કહી દીધું હતું કે ગુજરાત પોલીસ ક્યારેય કોઈ આરોપીનો વરઘોડો કાઢતી નથી, કોઈ ગુનો બને ત્યારે પુરાવા એકત્ર કરવા અને રિકન્સ્ટ્રક્શન કરવા આરોપીને ઘટનાસ્થળે લઈ જવાતો હોય છે, પોલીસ ક્યારેય વરઘોડા શબ્દનો પ્રયોગ કરતી નથી, આ વરઘોડો શબ્દ તો મીડિયામાંથી આવેલો છે.’

અમરેલીમાં પાટીદાર યુવતીનો પોલીસ દ્વારા વરઘોડો કાઢવામાં આવ્યો , જેના પગલે એક તબક્કે આખો પાટીદાર સમાજ એકત્ર થઈ ગયો હતો પાટીદાર યુવતીનો વરઘોડો કાઢવાની કાર્યવાહીનો વિરોધ પણ કર્યો હતો. અમરેલી જિલ્લા SP દ્વારા કરાયેલી તપાસ બાદ વરઘોડાના વિવાદમાં અમરેલીના ત્રણ પોલીસ કર્મીઓ સસ્પેન્ડ થઈ ગયા છે, ત્યારે હવે પોલીસ પણ રિલ્સ બનાવવાની લ્હાયમાં વરઘોડો કાઢતા સ્હેજ વિચાર કરશે તેવું લાગી રહયું છે. કોંગ્રેસના વિધાનસભા પક્ષના નેતા અમીત ચાવડા કહે છે કે સરકાર વરઘોડા કાઢવામાં પણ ભેદભાવ કરી રહી છે. નિર્દોષ દર્દીઓનો ભોગ લેનાર અને 65 દિવસ સુધી વિદેશમાં જલસા કરનાર ખ્યાતિ હોસ્પિટલના માલિક કાર્તિક પટેલનો કે BZ ગ્રુપના સંચાલક ભૂપેન્દ્રસિંહ ઝાલાનો સરકાર કેમ વરઘોડો કાઢતી નથી.સરકાર ગરીબ લોકોના વરઘોડા કાઢે છે,અમરેલીની પાટીદાર દીકરી પાયલનો વરઘોડો કાઢે છે, પણ ખ્યાતિ કાંડના આરોપી કાર્તિક પટેલનો વરઘોડો નહીં કાઢે. ભાજપનો ખેસ પહેરેલો, ભાજપ સાથે જોડાયેલા હોય તેવા BZ ગ્રુપના કૌભાંડીઓનો વરઘોડો નહીં કાઢે. સરકાર આરોપીઓને સબક શીખડાવવા માંગતી હોય તો ભાજપના મળતીયાઓનો પણ વરઘોડા કાઢવો જોઈએ.

### કુંભના મેળામાં PM મોદીના સગા ભત્રીજાએ એકતારો લઈને ભક્તિના રંગે રંગાઈને રામધૂન બોલાવી

વિશ્વનો સૌથી મોટા કુંભ મેળામાં અત્યાર સુધીમાં 7 કરોડ શ્રદ્ધાળુઓએ હાલમાં ગંગાસ્નાન કર્યું છે. આ કુંભ મેળામાં એજ્યુકેટેડ એવા ત્રણ યુવાનોનો ભક્તિ સંગીત, ભજન ગાતો વીડિયો વાયરલ થયો છે. જો કે તપાસ કરતા જાણવા મળ્યું કે , આ યુવાન હકીકતમાં PM નરેન્દ્ર મોદીના સગા ભત્રીજા સચિન મોદી છે.PM નરેન્દ્ર મોદીનો સગો ભત્રીજો સચિન પંકજભાઈ મોદી પ્રયાગરાજના મહાકુંભમાં કબીરના ભજનો ગાતા હોય તેવો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે વીડિયોમાં જોવા મળતો યુવાન, વડાપ્રધાનનો ભત્રીજો હોવા છતાં એક સામાન્ય પરિવારમાંથી કોઈ કુંભના મેળામાં આવ્યું હોય અને ભક્તિના રંગે રંગાયું હોય એ



જ રીતે સચિન મોદી કુંભ મેળામાં રામમય થયા છે.સચિન મોદી તેમના બે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મિત્રો સાથે મહાકુંભના મેળામાં પ્રયાગરાજ પહોંચ્યા હતા અને ભક્તિમય વાતાવરણમાં ભજનો લલકારતા વીડિયોમાં જોવા મળ્યા હતા. સચિન મોદી ‘શ્રીરામ સખા મંડળ’ નામના એક ભક્ત મંડળમાં સક્રિય છે.

### ચાર વહીવટદારો સસ્પેન્ડ થતાં રાજયભરના પોલીસ તંત્રના વહીવટદારોમાં ફફડાટ

તાજેતરમાં જ રાજયના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા મૂળ અમદાવાદ શહેર પોલીસ તંત્રમાં વહીવટદાર તરીકે ફરજ બજાવતા 13 પોલીસ કર્મીઓની સામૂહિક બદલી સીટી બહાર કરી દેવામાં આવી હતી. જયારે તેઓની સામેની તપાસ સ્ટેટ મોનીટરીંગ સેલના SP નિર્લિપ્ત રાયને સોંપવામાં આવી હતી. વિદેશ પ્રવાસ , પ્રોપર્ટી સહિતના મામલે આ તપાસ હાથ ધરાશે, તેવી બીકના પગલે ત્રણેક પોલીસ કર્મીઓએ ગુજરાત હાઈકોર્ટમાં રીટ કરીને તપાસ સામે સ્ટેની માંગ કરી હતી. જોકે રીટ રદ કરવાનું વલણ ગુજરાત હાઈકોર્ટે અપનાવતા રીટ પાછી ખેંચી લેવામાં આવી હતી.SP નિર્લપ્ત રાયના રિપોર્ટના પગલે ચાર પોલીસ કર્મીઓ સસ્પેન્ડ થઈ જતા હવે રાજયભરમાં પોલીસ તંત્રમાં વહીવટદાર તરીકેની ભૂમિકા ભજવનાર પોલીસ કર્મીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.હજુયે નવ પોલીસ કર્મીઓ વિરુદ્ધ ખાતાકિય તપાસ ચાલી રહી છે.પોલીસ વડા વિકાસ સહાયે પોલીસ કર્મીઓ સામે જ લાલ આંખ કરી છે.

### અલગ ભીલીસ્તાનની માંગણી વચ્ચે CM ભૂપેન્દ્ર દાદાની સરકારના મંત્રી શું બોલ્યા?

એક તરફ રાજયના આદિવાસી વિસ્તારમાં અલગ ભીલીસ્તાનની માંગણીએ ફરીથી જોર પકડયું છે. ભીલીસ્તાન વિકાસ મોરચા, ભીલીસ્તાન ટાઈગર સેના દ્વારા અને રાજકિય નેતા દ્વારા અલગ ભીલીસ્તાન રાજ્યની માંગણી કરવામાં આવી છે. આવી માંગણી વચ્ચે CM ભૂપેન્દ્ર પટેલની સરકારના મંત્રી કુબેર ડિંડોર દ્વારા અલગ ભીલીસ્તાન મામલે મહત્વનું નિવેદન આપવામાં આવ્યું છે. ડેડીયાપાડાની ઈનરેકા સંસ્થામાં 41માં વાર્ષિક મહોત્સવમાં કુબેર ડિંડોરે આમ તો ચૈતર વસાવાનું નામ લીધા વિના કહયું હતું કે કોંગ્રેસના શાસનમાં ભણ્યા એટલે પાછળ છો અને હાલના વિદ્યાર્થીઓ ભાજપના શાસનમાં ભણે છે એટલે આગળ વધી રહ્યા છે. આદિવાસી નૃત્ય કોંગ્રેસના સમયનું છે. હવે ભણવું પડે તો આગળ વધીશું. આદિવાસી નૃત્યનું ગીત છે. ‘અમુ આદિવાસી હાથમાં દાંડિયું’ ને મોદીસાહેબના શાસનમાં નવું ગીત લાવો ‘હાથમાં કલમ અને ગળામાં સ્ટેથોસ્કોપ.’ અમારી બાજુ હાલ પહેલા ગીત ગવાતા કે, ‘ચાર ચાર બંગડીવાળી ગાડી લઈ આપું’ અને ‘ચાર ચાર બંગડી વાળી લાડી લઈ આપું’ એ પણ શિક્ષણ સારું મેળવ્યું હોય તો આવે.

### અમેરિકા 35,990 ગુજરાતીઓને પાછા મોકલી દેશે

ગુજરાતીઓ માટે હજુયે અમેરિકા સ્વર્ગ સમાન દેશ છે, ગુજરાતીઓ ગમે તે રીતે અમેરિકા જવા તૈયાર થઈ જાય છે. ઉત્તર ગુજરાતમાં તો દોઢ કરોડ ખર્ચીને પતિ - પત્ની વાયા મેક્સિકો કે પછી કેનેડાથી અમેરિકા પહોંચી જાય છે. હવે ગેરકાયદેસર બોર્ડર ઓળંગીને અમેરિકા જવા માંગતા ગુજરાતીઓ માટે મોટી ખબર સામે આવી છે. અમેરિકા સરકાર મોટું પગલું લેવા જઈ રહી છે. અમેરિકામાં ગેરકાયદે ઘૂસી જનારા ગુજરાતીઓમાંથી માત્ર 13 ટકાને જ આશ્રય આપવામાં આવશે. અમેરિકન સરકારે ગેરકાયદેસર રીતે ઘૂસનારા 41330 ગુજરાતીમાંથી 5340 નાગરીકોને ‘અસાઈલમ એક્ટ’ અંતર્ગત આશ્રય માટેની માન્યતા આપી છે. બાકીના 35,990 જેટલા ગુજરાતીઓને પરત મોકલવામાં આવનાર છે. ૨૦૨૪માં ૬૭૩૯૧ ભારતીય નાગરીકોએ ગેરકાયદેસર રીતે અમેરિકાની સરહદમાં ઘૂસણખોરી કરી હતી. જેમની અરજીઓ પરના નિર્ણય હજુ પેન્ડિંગ છે જે થોડા મહિના પછી જાહેર થશે. તા.20 જાન્યુઆરીએ ડોનાલ્ડ ટ્રમ્પ USના રાષ્ટ્રપતિ તરીકે શપથ લેવા જઈ રહ્યાં છે. હવે ટ્રમ્પ સરકાર શું પગલા લેવા જઈ રહી છે ? તેના પર સૌની નજર રહેલી છે. US હોમલેન્ડ સિક્યુરિટી ડેટા દર્શાવે છે કે ઓક્ટોબર 2023 થી સપ્ટેમ્બર 2024 વચ્ચે 90,415 ભારતીયો યોગ્ય દસ્તાવેજો વિના USમાં પ્રવેશ કરવાનો પ્રયાસ કરતા ઝડપાયા હતા. તેઓ મોટે ભાગે ગુજરાત, પંજાબ, હરિયાણા અને કેટલાક ઉત્તર પ્રદેશના હતા.

# રોબોટિક સર્જરીની સુવિધા ધરાવતી અમદાવાદ સિવિલ દેશની પહેલી સરકારી હોસ્પિટલ બની

**૩૮ કરોડના ખર્ચે વસાવેલી સાઇબર નાઇફ રોબોટિક થેરાપી સિસ્ટમથી કેન્સરના દર્દીને ઓછી આડ અસર થાય છે**

ગાંધીનગર : રોબોટિક સર્જરીની સુવિધા ધરાવનાર અમદાવાદની સિવિલ હોસ્પિટલ દેશની સૌપ્રથમ અને એકમાત્ર સરકારી હોસ્પિટલ બની છે. અમદાવાદ સિવિલ મેડિસિટીની કેન્સર ઈન્સ્ટિટ્યૂટ(GCRI)માં રેડિએશન થેરાપી માટે સાયબર નાઈફ રોબોટિક્સનો ઉપયોગ કરાય છે. અંદાજે ૩૮ કરોડના ખર્ચે વસાવેલ આ સાયબર નાઈફ મશીન કેન્સરગ્રસ્ત ટ્યુમરની સાથે સાથે સામાન્ય પ્રકારના ૫(પાંચ )મી.મી. થી 3 સે.મી. સુધીની કદના સામાન્ય ટ્યુમરનું પણ સચોટ અને ન્યુનત્તમ આડઅસર રહિત નિદાન કરી શકે છે. અમદાવાદ ખાતે આવેલી ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GCRI) કેન્સરના દર્દીઓ માટે આશાનું કિરણ બની રહી છે. ઉત્કૃષ્ટ મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અત્યાધુનિક સારવાર સેવાઓ થકી છેલ્લાં ઘણા વર્ષોથી ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોમાં કેન્સરની સારવાર માટે GCRI જાણીતું નામ બન્યું છે.કેન્સરની સારવારમાં રેડિએશન થેરાપી એક મહત્ત્વની સારવાર છે. કેન્સર સામેની લડાઈમાં વધુને વધુ દર્દીઓને ઉત્તમ સારવાર સમયસર પૂરી પાડીને તેમને દર્દમુક્ત કરવાના ઉદ્દેશ સાથે કામ કરતી ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GCRI) રેડિએશન થેરાપીમાં સતત આધુનિક ઉપકરણો થકી તેનું મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત બનાવી રહી છે.